# શ્વાસનળીનો સોજો અને RSV

*આ સલાહ પત્રક તમારે ક્યારે ચિંતા કરવી જોઈએ અને ક્યાંથી મદદ મેળવવી તે અંગેની માહિતી આપે છે.*

| લાલ | જો તમારું બાળક નીચેની બાબતોમાંથી કોઈ પણ ધરાવતું હોય: | તમારે તાત્કાલિક મદદની જરૂર છે. |
|---|---|---|
| | • ફિક્કા પડી જાય, ધબ્બા પડી જાય અને અડવાથી અસાધારણ રીતે ઠંડા લાગે<br>• તેઓ શ્વાસ લેતી વખતે વચ્ચે 10 સેકંડથી વધુ સમય સુધી અટકી જતા હોય, તેઓ **શ્વાસ બહાર કાઢે ત્યારે દરેક વખતે અસ્પષ્ટ અવાજ કરતા હોય** અથવા હોઠ ભૂરા હોય<br>• અક્કડ કે કડક થઇ જાય અથવા વારંવાર હાથ કે પગનું આંચકાયુક્ત હલનચલન કરે, જે તમે તેમને પકડો તો પણ અટકે નહિ (વાઈ કે આંચકી)<br>• અતિશય ઉશ્કેરાઈ જાય (ધ્યાન બીજે દોરવા છતાં આશ્વાસન ન આપી શકાય તે રીતે રડે), ગૂંચવાઈ જાય અથવા ખૂબ સુસ્ત બની જાય (જગાડવા મુશ્કેલ બની જાય)<br>• એવી ફોલ્લીઓ થાય કે જે દબાવવાથી દૂર થાય નહિ (‘**ગ્લાસ ટેસ્ટ**’)<br>• 38° સે / 100.4° ફે અથવા તેથી વધુ તાપમાન સાથે 3 મહિનાથી ઓછી ઉંમર ધરાવતા હોય (સિવાય કે રસીકરણ પછી 48 કલાક સુધી તાવ આવતો હોય અને અન્ય કોઈ લાલ કે પીળી વિશેષતાઓ ન હોય) | સૌથી નજીકના હોસ્પિટલ **ઈમરજન્સી (A&E) ડિપાર્ટમેન્ટ** પર જાવ અથવા 999 પર ફોન કરો |


© Institute of Health Visiting 2022

**પીળો**

## જો તમારું બાળક નીચેની વિશેષતાઓમાંથી કોઈ પણ ધરાવતું હોય:

- સતત ઝડપી શ્વાસ લેવા સહિત શ્વાસ લેવામાં મુશ્કેલી; શ્વાસ લેતી વખતે તેમના નસકોરા પહોળા થાય અથવા **તેમની પાંસળીની નીચેના સ્નાયુઓ અંદર જાય**
- ખોરાક લેવામાં રસ ન ધરાવતા હોય અને/અથવા શરીરમાં પાણી ઓછું થઇ ગયેલું લાગે (મોં સુકાવું, આંખો ઊંડી ઉતરી જવી, આંસુ ન આવવા, ઘેનમાં હોવા, છેલ્લા 8 કલાકમાં બાળોતિયાં ભીના ન કરવા અથવા તાળવું પોચું પડી જવું (માથામાં પોચો ખાડો પડવો)
- ઘેન (વધુ પડતી ઊંઘ આવવી) માં અથવા ચીડિયા (તેમને રમકડાંથી, ટીવીથી, ખાવાનું આપીને કે તેડીને શાંત ન પાડી શકાતા હોય) રહેતા હોય – ખાસ કરીને તેમનો તાવ ઓછો થઈ જવા છતાં તેઓ ઘેનમાં કે ચીડિયા રહેતા હોય
- 39° સે / 102.2° ફે અથવા તેથી વધુ તાપમાન સાથે 3-6 મહિનાની ઉંમરના હોય (પરંતુ તેઓ રસીકરણ મેળવે પછી 2 દિવસ સુધી બાળકોમાં તાવ આવવો સામાન્ય છે) અથવા 5 થી વધુ દિવસ સુધી 38.0° સે અથવા તેનાથી વધુ તાવ આવવાનો ચાલુ રહે
- સ્થિતિ વધુ બગડતી જાય અથવા જો તમને ચિંતા થતી હોય

## તમારે આજે જ તમારા ડૉક્ટર અથવા નર્સનો સંપર્ક કરવાની જરૂર છે..

કૃપા કરીને તમારા GP સર્જરીને ફોન કરો અથવા NHS 111 પર કૉલ કરો - 111 ડાયલ કરો

અમે જાણીએ છીએ કે વર્તમાન કોવિડ-19 ની કટોકટી દરમિયાન પરાકાષ્ઠાના સમયે સ્વાસ્થ્ય સંભાળ વ્યવસાયિકને મળવામાં વાર લાગી શકે છે. જો લક્ષણો 4 કલાક કે તેથી વધુ સમય સુધી ચાલુ રહે અને તમે

તમારા GP પ્રેક્ટિસના સ્ટાફના સભ્ય કે NHS 111 સ્ટાફ સાથે વાત ન કરી શક્યા હો તો ફરીથી તપાસ કરો કે તમારા બાળકે લાલ વિશેષતાઓ ન વિકસાવી હોય, કૃપા કરીને તમારા GP સર્જરીને ફોન કરો અથવા NHS 111 પર કૉલ કરો -

111 ડાયલ કરો


© Institute of Health Visiting 2022

લીલું

## જો ઉપરની વિશેષતાઓમાંથી કોઈ પણ ન હોય

બાળક તેમનો શ્વાસ લેતી વખતે થોડી સેકંડ સુધી અટકી જાય અથવા ટૂંકા સમયગાળા સુધી ઝડપથી શ્વાસ લે તે સામાન્ય છે. 6 અઠવાડિયાંની ઉંમર સુધીમાં તેમની શ્વાસ લેવાની રીત વધુ નિયમિત હોવી જોઇએ.

નવજાત બાળકના રડવા વિશે અને કઇ રીતે સામનો કરવો તે અંગે વધારાની માહિતી ઉપલબ્ધ છે

– **અહીં ક્લિક કરો**

## સ્વ-સંભાળ

તમારા બાળકની ઘર પર સંભાળ લેવાનું ચાલુ રાખો. જો તમને હજુ પણ તમારા બાળક વિશે ચિંતા હોય તો તમારા સ્વાસ્થ્ય મુલાકાતીનો સંપર્ક કરો અથવા NHS 111 પર કૉલ કરો – 111 ડાયલ કરો

Translated by: Newham Language Shop
Peer reviewed date:
Request:

Healthier Together
Improving the health of children and young people

Institute of Health Visiting
Excellence in Practice


© Institute of Health Visiting 2022